## ગાંધીનગર મને ગમે છે...



**આશા સરવૈયા**
**(વરિષ્ઠ કલાકાર અને મહિલા અગ્રણી)**

ગાંધીનગરમાં જન્મેલા અને ઉછરેલા લોકોને તો ગાંધીનગર ગમે જ છે, પરંતુ ગાંધીનગર ગમવાની ખરી સરખામણી બહારથી આવીને વસેલા લોકો વધારે સારી રીતે કરી શકે.

મેં પણ વતન છોડીને છેલ્લા ૩૮ વર્ષોથી ગાંધીનગરને મારી કર્મભૂમિ બનાવી છે એટલે હું તો કહીશ કે ગાંધીનગર મને ખૂબ ગમતું અને વહાલું છે.

શૈક્ષણિક, સાહિત્યિક, સેવાકીય, સાંસ્કૃતિક અને કલા પ્રવૃત્તિઓ પ્રત્યે મને પહેલેથી જ લગાવ. ગાંધીનગરમાં આવી ત્યારે આ બધી પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની અને આગળ વધવાની સુંદર તકો પ્રાપ્ત થશે તેવું વાતાવરણ અહીં જોવા મળ્યું.

છેલ્લા ઘણા વર્ષોથી આવા સુંદર વાતાવરણના કારણે ગાંધીનગરને, અગાઉની શુષ્ક નગરીમાંથી શૈક્ષણિક હબ અને સાંસ્કૃતિક તથા સાહિત્યિક સંસ્થાઓ દ્વારા બારે માસ ચાલતા કાર્યક્રમો અને પ્રવૃત્તિઓએ ધમધમતું અને જીવંત બનાવી દીધું છે અને કલાનગરીનું બિરૂદ મેળવ્યું છે. આવી અનેક પ્રવૃત્તિઓમાં જોડાવાનું સૌભાગ્ય મને પણ ગાંધીનગરે જ આપ્યું છે.

ગાંધીનગર ગમવાનું એક ખાસ કારણ અહીંના લોકો પણ છે. ગાંધીનગર કોઈનું વતન ન હોવાના કારણે કોઈનું ન કહેવાય પણ અહીં વસતા લોકોના પ્રેમાળ, આત્મીય અને મળતાવડા સ્વભાવના કારણે ખરેખર તો સૌનું પ્યારૂં નગર બની ગયું છે. કૌટુંબિક અને સામાજિક પ્રસંગો સમયે ગાંધીનગરના સ્નેહીજનોની જે હૂંફ, સહકાર અને પ્રેમ પ્રાપ્ત થાય છે તે ખરેખર અદ્વિતીય છે અને ક્યારેય વતન કે કુટુંબની ખોટ સાલવા દેતા નથી.

વિવિધ કલાક્ષેત્રના અહીં વસતા કલાકારોની સાથે ખભેખભા મિલાવીને કામ કરવાની મને તક પ્રાપ્ત થઈ છે. આ કલાકારો રાજ્ય, રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ખ્યાતિપ્રાપ્ત હોવાથી હું આ બાબતનું ગૌરવ અનુભવું છું. ગાંધીનગર ગમવાનું આ પણ એક સબળ કારણ છે.

હરિયાળીથી છલોછલ, પ્રદૂષણમુક્ત, સ્વચ્છ, સુંદર તથા પ્રકૃતિ અને સંસ્કૃતિ જ્યાં સોળે કળાએ ખીલેલ છે એવું નગર કોને ન ગમે?

મને તો ખુબ ગમે છે.

# ગંભીર બેદરકારી : સચિવાલયના પડછાયામાં જર્જરિત મકાનમાં ધમધમતી શાળા

## ખંડેર મકાનોમાં ચાલતી આ શાળા ગમે ત્યારે ધરાશાયી થવાની સંભાવના : નોટિસ બોર્ડ લગાવ્યા છતાં જર્જરિત મકાનોમાં શાળા ધમધમી રહી છે



ગાંધીનગર, તા. ૯
શહેરમાં સરકારી કચેરીઓના પડછાયામાં ભયજનક મકાનોમાં નાના બાળકોનું શિક્ષણ કાર્ય ચાલી રહ્યું છે. એક તરફ તંત્ર દ્વારા મોટુ બોર્ડ લગાવવામાં આવ્યું છે કે "આ મકાન ભયજનક છે આ મકાનમાં પ્રવેશ કરવો નહીં આ મકાનથી દૂર રહેવું હુકમથી" ત્યારે આંખ આડા કાન રાખી વર્ષોથી અહીંયા બાળકોના જીવના જોખમે આ મકાનમાં શાળા ધમધમી રહી છે. ૧૯૯૬ થી આ શાળા અહીંયા કાર્યરત છે. જે તે સમયે મકાનની હાલત સારી હતી પરંતુ ગાંધીનગરમાં મોટાભાગના સરકારી ક્વાટર્સ જર્જરિત હાલતમાં થઈ ગયેલા હોવાથી માર્ગ અને મકાન વિભાગ દ્વારા નોટિસો લગાવવામાં આવી હતી કે આવા મકાનોમાં કોઈએ રહેવું નહીં. તેમ છતા સેક્ટર-૧૭ના આ જર્જરિત મકાનોમાં રહેવાસીઓ પણ છે અને શાળા પણ કાર્યરત છે. નોટિસ બોર્ડ તો જાણે શોભાના ગાંઠ્યા સમાન હોય તેમ લટકાવી રાખ્યા છે. આ જર્જરિત મકાનો ગમે ત્યારે ઘરાસાઈ થઈ શકે તેવી હાલતમાં જોવા મળી રહ્યા છે. જેમાં વર્તમાન સમયમાં જુનિયર કે.જી. થી ૧૦ માં ધોરણના બાળકોનું શિક્ષણ ચાલી રહ્યું છે. જેમાં એક વર્ગમાં ૩૦ વિદ્યાર્થી હોય છે. આ જર્જરિત ઈમારતો ધરાશાયી થાય તો કોની જવાબદારી રહેશે. આ શાળામાં બાળકોને શિક્ષણ આપી રહેલા શિક્ષકોને પણ આ બાબતે સહેજ પણ સભાનતા જોવા મળી રહી નથી. કોરોના મહામારીમાં બે વર્ષ આ શાળા બંધ રહ્યા બાદ ઓફલાઈન શિક્ષણ શરૂ થતા ફરીથી શાળાઓ શરૂ થતાં વાલીઓ પણ આ શાળામાં ઉત્સાહપૂર્વક પોતાના બાળકોને મુકી જાય છે. જાણે આ નોટિસ બોર્ડ કોઈને નજરે ચઢ્યુ જ નથી. આટલું મોટું બોર્ડ તો કોઈ પણ વ્યક્તિને નજરે પડી જાય પરંતુ આ શાળાના સંચાલકો, શિક્ષકો, બાળકોના પરિવારવાળાઓ તથા જવાબદારતંત્ર શેની રાહ જોવે છે તે વિચારવાની બાબત છે. જ્યારે આ મકાન ધરાશાયી થશે ત્યારે આ બધાની આંખો ખૂલશે.




ગાંધીનગર શહેરનો આ એવો માર્ગ છે જ્યાં સરકારી ઓફિસરોનું આવનજાવન થાય છે. આ ખંડેર મકાનોની આગળ તો એક બસ સ્ટોપ પણ છે તો કોઈની નજર કેમ નથી ગઈ હજુ સુધી? આટલી બધી ગંભીર બેદરકારી સામે કોણ પગલા લેશે?

ભારતીય વિદ્યાનિકેતન ટ્રસ્ટ સંચાલિત સરસ્વતી પ્રાથમિક અને માધ્યમિક વિદ્યામંદિર, સે. ૧૭, ૨૪૦/૨ વર્ષ ૧૯૯૬ થી કાર્યરત છે. જેમાં ત્રણ માળની બિલ્ડિંગમાં નીચેના બે મકાનોમાં શાળા કાર્યરત છે. જેમાં પ્રવેશતાની સાથે જ શાળાનું બોર્ડ જોવા મળે છે. જે એકદમ ભંગાર હાલતમાં દેખાઈ રહ્યું છે. બોર્ડમાં શાળાનું નામ અદ્રશ્ય હાલતમાં છે. જેમ આ મકાન ખંડેર હાલતમાં છે તેવી જ રીતે આ શાળાના બોર્ડની હાલત થઈ ગઈ છે.

ખંડેર હાલતમાં ચાલતી આ શાળાની ઉપરના બંને માળ ખાલી છે જેની સાબિતી બતાવે છે કે આ વિસ્તારમાં રહેવાની હિંમત કોઈ ન કરી શકે ત્યારે આટલા વર્ષોથી સતત જર્જરિત મકાનોમાં આ શાળા કેમ ચલાવવી પડે બાળકોના જીવના જોખમે. આ શાળા કેમ ચાલી રહી છે?

નોટિસોના બોર્ડ લગાવવા છતાં કોઈ સળવળતુ કેન નથી... જીવના જોખમે બાળકોને શાળામાં કે મોકલવામાં આવે છે... બાળકો સાથે ગંભીર અકસ્માત નોતરશે તો કોણ જવાબદારી લેશે..? જેમ બને તેમ ઝડપી કાર્યવાહી અને યોગ્ય પગલા લઈને આ જર્જરિત મકાનમાંથી રહેવાસીઓ અને શાળાને તાળા વાગવા જ જોઈએ.




### ખંડેર મકાનોમાં શાળા કેમ ચાલું છે ?

સરસ્વતી શિશુ મંદિર, સરસ્વતી પ્રાથમિક અને માધ્યમિક વિદ્યામંદિર, સેક્ટર-૧૭ના ટ્રસ્ટી સાથે વાતચીત કરતા એવો જવાબ મળ્યો હતો કે આ બાબતે રૂબરૂ મળીને જ હું વાત કરીશ ફોન પર કોઈ માહિતી નહી મળે. આટલા ગંભીર વિષય પર પણ જવાબદાર માણસ તરીકે જવાબ આપવામાં આવતો નથી.

### "મારો જન્મ મારા માતા-પિતાને આભારી છે પણ મારૂ જીવન મારા શિક્ષકને આભારી છે"

શહેરમાં ચાલતી આ શિશુ વિદ્યામંદિર શાળામાં એક સુંદર સુવિચાર શાળાના બાળકો દ્વારા બ્લેક બોર્ડ પર લખવામાં આવ્યો છે કે "મારો જન્મ મારા માતા-પિતાને આભારી છે પણ મારૂ જીવન મારા શિક્ષકને આભારી છે" શિક્ષકો પ્રત્યે બાળકોને કેટલી બધી લાગણી હોય છે તેઓ પોતાના શિક્ષણને ભગવાન માનતા હોય છે. ગુરૂનો દરજ્જો આપતા હોય છે પરંતુ શિક્ષકની પણ જવાબદારી બને છે કે પોતાના વિદ્યાર્થીઓની કાળજી રાખે, દેખરેખ રાખે, માત્ર પૈસા કમાવવાની ભાવના ન હોવી જોઈએ.



ન્યુટ્રી પ્લેટ કાફે દ્વારા મહિલા દિનની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. કેક કાપીને મહિલાઓએ ખાસ ઉજવણી કરી હતી.

# સેક્ટર-૭માં શ્યામજી કૃષ્ણવર્મા વસાહત ખાતે મહિલા દિનની "સાર્થક" ઉજવણી

ગાંધીનગરમાં સેક્ટર-૭માં શ્રી શ્યામજી કૃષ્ણવર્મા વસાહત ખાતે સાર્થક ફાઉન્ડેશન દ્વારા આયોજિત વિશ્વ મહિલા દિવસની ઉજવણીમાં ૩૦૦ જેટલી મહિલાઓએ વિવિધ મનોરંજક રમતો અને કરાઓકે સંગીત વગેરેનો મનભરીને આનંદ માણ્યો હતો. આ પ્રસંગે શહેરના મેયર હિતેશભાઈ મકવાણા, સ્થાનિક કોર્પોરેટર્સ તેજલબેન નાઈ, મીનાબેન પટેલ અને મહેન્દ્રભાઈ પટેલ દાસ તેમજ લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિનાના પૂર્વ અધ્યક્ષ મમતાબેન રાવલ અને સાર્થક ફોઉન્ડેશનના અધ્યક્ષ ક્રિષ્નાબા રાજપૂત વગેરે હાજર રહ્યા હતા. સાર્થક મહીલા દિવસની ઉજવણીના મુખ્ય મેહમાન હિતેશભાઈ મકવાણાએ મહિલાઓને સંબોધતા કહ્યું હતું કે "આજના આ કાર્યક્રમનું આયોજન ખુબજ સુંદર રીતે કરવામાં આવ્યું છે તથા આજનો દિવસ મહિલાઓનો હોવાથી આજ આપ સર્વ મહિલાઓએ જ બોલવાનું હોય છે" તેમ કહીને તેમણે મહિલાઓને પ્રોત્સાહન આપ્યું હતું. મમતાબેન રાવલે મહિલાઓને મોટીવટીનલ સ્પીચ આપી પ્રોત્સાહન પૂરું પડ્યું હતું.

મહિલા કોર્પોરેટર તેજલબેન નાઈએ કહ્યું 'એક પુરુષ ભણે છે ત્યારે ફક્ત પુરુષ જ શિક્ષિત થાય છે પણ એક મહિલા ભણે છે ત્યારે આખો સમાજ તથા તેનો પરિવાર શિક્ષિત થાય છે'. મહેન્દ્રભાઈ પટેલએ મહિલા સશક્તિકરણની યોજનાઓ વિષે પણ માહિતી આપી હતી. સાર્થક ફાઉન્ડેશનના અધ્યક્ષ ક્રિષ્ણાબા રાજપૂતએ સંસ્થા વિષે માહિતી આપતા કહ્યું હતું કે "સાર્થક ફાઉન્ડેશન મહિલા સશક્તિકરણ ઉપર કામ કરી રહ્યું છે જેમાં છેવાડાંના ગ્રામ્ય વિસ્તારોમાં દીકરીઓને ગુડ ટચ બેડ ટચ, સનિટેરી પેડ વગેરે વિષે માહિતી આપવી, મહિલાઓને સમાજમાં પોતાની જાતે કાર્યો કરી સશક્ત બનવું, સેલ્ફ ડિફન્સની શિબિરો યોજવી, કોરોના કાળમાં જરૂરિયાતમંદોને ફૂડ પેકેટ, સેનિટાઇઝર અને માસ્કનું વિતરણ તથા ગરમી વિસ્તારની શાળામાં બાળકોને સ્ટેશનરી તેમજ બેગ વિતરણ વગેરે કાર્યોનો સમાવેશ થાય છે". તેમણે મહિલાઓને પોતાની જાતે સશક્ત બની આ ઉજવણીને સાર્થક બનાવવા પ્રેરિત કર્યા હતા. આ કાર્યક્રમમાં મહિલાઓએ વિવિધ મનોરંજક રમતો અને કરાઓકે સંગીત વગેરેનો મનભરીને આનંદ માણ્યો હતો જે પૈકી કેક જેક ગેમના પ્રથમ ક્રમે બિકુબેન ચાવડા, દ્વિતીય ક્રમે સ્મૃતિબેન પટેલ, વેશભૂષા પ્રથમ ક્રમે અંતરકુંવરબા, દ્વિતિય ક્રમે રૂચિતાબેન હીરાની અને તૃતીય ક્રમે અલ્પાબેન જોશી, ફલૉ બલૂન ગેમમાં પ્રથમ ક્રમે અંકિતાબેન, દ્વિતિય ક્રમે સ્વાતિબેન ચૌહાણ અને તૃતીય ક્રમે ચૌહાણ ધર્મિષ્ટાબેન, ગીત-સંગીત પ્રથમ ક્રમે આસ્થાબેન પરમાર, દ્વિતીય ક્રમે સુનિતાબેન રાણા, તૃતીય ક્રમે રાજેશ્વરીબેન દવે અને સંગીત ખુરશીમાં પ્રથમ ક્રમે હસુમતિબેન રાઠોડ, દ્વિતીય ક્રમે શારદાબેન પરમાર અને તૃતીય ક્રમે વિજેતા મલ્લિકાબેન રહ્યા હતા. આ કાર્યક્રમમાં ૩૦૦જેટલી મહિલાઓ હાજરી આપી હતી તેમજ આ કાર્યક્રમના સમાપને મહિલાઓને અલ્પાહાર આપવામાં આવ્યો હતો.

**ટચુકડી જાહેર ખબર**
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

#### શ્રમ આયુક્તની કચેરી ઉદ્યોગ ભવન ખાતે

## વિશ્વ મહિલા દિવસે સલામતી જાગૃતિનો સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૯
વિશ્વ મહિલા દિવસ નિમિત્તે ગાંધીનગરમાં શ્રમ આયુક્તની કચેરી, ઉદ્યોગ ભવન ખાતે વ્યક્તિગત સુરક્ષા અને સલામતી જાગૃતિનો સેમિનાર યોજવામાં આવ્યો હતો.

જેમાં ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશનનાં ટેક્નિકલ ડિરેક્ટર જતીન દવે, કોચ મિલન કંસારા અને રોનક કંસારા વિશેષ ઉપસ્થિત રહી મહિલાઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું અને ઈન્સ્ટ્રક્ટર દિયા ચુડાસમા તથા ઈવેન્ટ કોઑર્ડિનેટર મિલાપ ટાટારિઆ ટાઈગરએ આ સેમિનારમાં સહભાગી થઈ સેમિનારને સફળ બનાવ્યો હતો તથા શ્રમ આયુક્ત કચેરી વતી કુ. રંજન ગોરડ એ સંસ્થાની સમગ્ર ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.




## શહેર વસાહત મહામંડળની અસ્થિ વિસર્જન પ્રાર્થનાસભામાં જોડાવવા અપીલ

ગાંધીનગર, તા. ૯
ગાંધીનગર અંતિમધામ, સરગાસણ અને દહેગામ ખાતે અંતિમ સંસ્કાર પામેલ સ્વજનોના અસ્થિઓનું હરદ્વાર ખાતે વિસર્જન કરવામાં આવશે. વિસર્જન પહેલા પ્રાર્થના સભાનું આયોજન આગામી તા. ૧૨મી માર્ચના રોજ સવારે ૯.૩૦ કલાકે કરવામાં આવ્યુ છે.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા યોજાનાર આ પ્રાર્થના સભામાં જોડાવવા ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ, શશીકાંત મોઢા, મુકેશભાઈ શુકલ, કિશોર જીકાદરા, સુધીર દેસાઈ, બી.એ. શુકલ અને મયુરભાઈ વ્યાસ દ્વારા અપીલ કરવામાં આવી છે. છેલ્લા ત્રણ માસ દરમ્યાન અવસાન પામેલ સ્વજનોના અસ્થિઓને આગામી તા. ૧૫મી માર્ચના રોજ હરિદ્વાર ખાતે વિસર્જન માટે મોકલી આપવામાં આવશે. નગરજનો અને આપ્તજનોને પ્રાર્થનાસભામાં જોડાવવા અપીલ કરવામાં આવી છે.

## રાસેયો એકમ દ્વારા અંતર રાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે નારી સમ્માન કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૯
ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમ અને મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ તેમજ બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિધાલય, ચિલોડા કેંન્દ્રનાં ઉપક્રમે અંતર રાષ્ટ્રીય મહિલા દિવસ નીમીત્તે નારી સમ્માન કાર્યક્રમ યોજવામાં આવ્યું જેમાં વિવિધ ક્ષેત્રે આગવી રહતી મહિલાઓનું સમ્માન કરવામાં આવ્યું જેમાં ડૉ ગીતાબેન પટેલ, ડૉ. રંજનબેન પટેલ, મોનિકાબેન પટેલ, ભાવનાબેન ચૌહાણ, રાધિકા રામ, ગીતા દેસાઈ અને એલીસ ક્રિશ્ચિયનને સાલ અને મોમેન્ટો દ્વારા સમ્માનિત કરવામાં આવ્યું હતું સ્વાગત પ્રવચન ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રા દ્વારા આપવામાં આવ્યું હતું મુખ્ય વકતા તરીકે બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિધાલય, ચિલોડા કેંન્દ્રનાં બી.કે. શ્રુતિબહને પ્રવચન આપ્યું હતું.

#### રાજ્યની પ્રથમ અંડર-૧૧ એથ્લેટિક્સ મીટને ભવ્ય પ્રતિસાદ

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી આયોજિત એથ્લેટિક્સ મીટમાં રાજ્યના ૩ હજારથી વધુ બાળકોએ ભાગ લીધો

ગાંધીનગર, તા.૯
આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વિદ્યાનિકેતન વિભાગ દ્વારા રાજ્યના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિના મંત્રાલય તેમજ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી તથા ગુજરાત સ્ટેટ એથ્લેટિક્સ સહયોગથી આયોજિત તા.૬ઠ્ઠી માર્ચથી શરૂ થયેલી રાજ્યની પ્રથમ ચાર દિવસીય અંડર-૧૧ એથ્લેટિક્સમાં કુલ ૪૦૦ વિજેતા બાળકોને ૧૧ લાખના ઈનામો અપાયા હતા. આ મીટમાં રાજ્યના ૩ હજારથી વધુ બાળકોએ ભાગ લીધો હતો.

અંડર-૧૧ એથ્લેટિક્સમાં ઉપસ્થિત કેન્દ્રના રાજ્યકક્ષાના સંચારમંત્રી દેવુસિંહ ચૌહાણે સ્પર્ધામાં ભાગ લેનારા બાળકોને અભિનંદન આપી સાથે વાલીઓને પણ બિરદાવ્યાં હતા. તેમણે કહ્યું કે 'આવી સ્પર્ધાઓથી બાળકોમાં ખેલદિલીની ભાવના આવે છે. રમત હોય કે જિંદગી, જીતવું મહત્ત્વનું નથી, રમવું અને ભાગ લેવો જરૂરી છે'. આ મીટ અંગે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહ કહે છે કે 'આ ઈવેન્ટએ ગુજરાતના ખમીરને ઢંઢોળવાનું કાર્ય કર્યું છે. રમતગમતની શરૂઆત બચપણથી જ થવી જોઈએ અને આ ઉપક્રમ આગામી સમયમાં પણ ચાલુ રહેશે'.



પ્રથમ દિવસે ૬ માર્ચે અંડર-૧૧ ગર્લ્સ માટે સ્પર્ધાઓ યોજાઈ હતી જેમાં ૮૦૦થી વધુ બાળકીઓએ, બીજા દિવસે અંડર-૯ બોયઝ માટે વિવિધ સ્પર્ધાઓમાં ૮૦૨ બાળકો, ત્રીજા દિવસે અંડર-૧૧ બોય્ઝ માટે સ્પર્ધાઓમાં કુલ ૧૨૫૭ બાળકો ઉમટ્યા અને ચોથા દિવસે અંડર-૯ની બાળકીઓ માટેની સ્પર્ધાઓમાં રાજયભરમાંથી ૪૪૧ બાળકીઓ પોતાના વાલીઓ સાથે ભાગ લેવા આવી હતી. અંડર-૧૧ એથ્લેટિક્સ મીટ દરમ્યાન બાળકોનો ઉત્સાહ વધારવા બીએપીએસ સ્વામિનારાયણ સંપ્રદાયના નડિયાદ મંદિરના પૂ.સર્વમંગલ સ્વામી સંતો સાથે તેમજ એશિયન ગેમ્સના ગોલ્ડ મેડાલિસ્ટ સરિતા ગાયકવાડ ઉપસ્થિત રહ્યાં હતા. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહની પ્રેરણા તથા કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિના માર્ગદર્શનમાં, સ્કૂલ ઓફ ચાઈલ્ડ, યૂથ અને ફેમિલી ડેવલપમેન્ટના ડાયરેક્ટર ડૉ. રાકેશ પટેલની રાહબરીમાં આ મીટ યોજાઈ હતી જેમાં વિદ્યાનિકેતન વિભાગના અધ્યક્ષ ડૉ. કુણાલ પંચાલ અને આસિ. પ્રોફેસર ડૉ. મહેન્દ્ર પટેલ મુખ્ય સંયોજક તરીકે રહ્યા હતા.




### કુલ ૪૦૦ વિજેતા બાળકોને ૧૧ લાખના ઇનામો અપાયા

આ મીટમાં ટેનિસ બોલ થ્રો, મેડિસિન બોલ થ્રો, સ્ટેન્ડિંગ બ્રોડ જમ્પ, લાંબી કૂદ, ઊંચી કૂદ, ૬૦ મીટર દોડ, ૧૦૦ મીટર દોડ, ૨૦૦ મીટર દોડ, ૪૦૦ મીટર દોડ, ૬૦ મીટરની વિધ્નદોડ એમ કુલ ૧૦ પ્રકારની સ્પર્ધાઓ થઈ. અંડર-૯ અને અંડર-૧૧ એમ બે શ્રેણીમાં આ સ્પર્ધા યોજાઈ. હતી. દરેક સ્પર્ધામાં ૧થી ૧૦માં આવનારા બાળકોને વિજેતા જાહેર કરાયા અને તમામને રોકડ રકમ, શીલ્ડ તેમજ સર્ટિફિકેટ એનાયત કરાયા. કુલ મળીને ૪૦૦ બાળકોને ૧૧ લાખ રૂપિયાના ઈનામો અપાયા હતા.